## ❖ અભ્યાસના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમ-અક્ષર પ્રશ્નનની સામે માં લખો :

(1) વર્ગશિક્ષકે ત્રણ વિદ્યાર્થીઓની સમિતિ કેમ નીમી હતી? [ગ]

(ક) શાળાવ્યવસ્થા માટે

(ખ) વર્ગની શિસ્ત માટે

(ગ) પ્રવાસસ્થળ નક્કી કરવા

(પ) બોર્ડ પર સમાચાર લખવા

(2) શિક્ષક સોમનાથભાઇ વિદ્યાર્થીને એના જન્મદિને શું આપતા? [ક]

(અ) શુભેચ્છા

(ગ) પુસ્તકો

(ખ) મીઠાઇ

(ઘ) જીવન અંગે સૂચનો

(3) 'સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન' કોને કહે છે? [ઘ]

(ક) વેરાવળને

(ગ) દીવને

(ખ) ભાવનગરને

(ઘ) માધવપુરને

પ્રશ્ન 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :

(1) પ્રવાસ સમિતિમાં ક્યા ત્રણ વિદ્યાર્થીઓ હતા?

➢ પ્રવાસ સમિતિમાં આ ત્રણ વિદ્યાર્થીઓ હતા : રેવતી, વણ અને

(2) છેલ્લે કયા સ્થળનો પ્રવાસ યોજાઇ ગયો હતો?

➢ છેલ્લે આબુ-અંબાજીનો પ્રવાસ યોજાઈ ગયો હતો.

(3) ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે કર્યું ગીત ગાયેલું છે?

➢ ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે 'સાગર પીનારા અંજલિ નવ ઢળજો. બાપુ !' ગીત ગાયેલું છે.

(4) સમિતિએ કયા સ્થળનો પ્રવાસ યોજવાનું નક્કી કર્યું?

➢ પ્રવાસસમિતિએ કચ્છનું માંડવી, સૌરાષ્ટ્રનું માધવપુર અને દક્ષિણ ગુજરાતનું તીથલ આ ત્રણમાંથી સાહેબ કહે તે સ્થળે પ્રવાસ યોજવાનું નક્કી કર્યું.

(5) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ આપો.

➢ વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ મન્નાર-અલગ છે,

## ❖ સ્વાધ્યાયના પ્રશ્નોત્તર

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) પાટિયા પર કઈ પંક્તિઓ લખાયેલી હતી? આ પંક્તિઓ કેમ લખવામાં આવી હતી?

➢ પાટિયા પર નીચેની પંક્તિઓ લખાયેલી હતી : "રેલાઈ આવતી છો ને બધી ખારાશ પૃથ્વીની સિન્ધના ઉરમાંથી તો ઊઠશે અમીવાદળી.' આ પંક્તિઓ, વર્ગના પ્રતિનિધિ સિન્થને, એના જન્મદિવસની શુભેચ્છા આપવા માટે લખવામાં આવી હતી.

(2) માધવપુરનું વર્ણન પાઠના આધારે કરો.

➢ માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન છે. અહીં સદીઓ જૂનાં આંબલી, રાયણ, પપૈયાં તથા નારિયેળીનાં પુષ્કળ ઝાડ છે. તાજામાજા પોપટ છે. માધવપુરનો મેળો જાણીતો છે. અહીં દર વર્ષે રુક્મિણી-શ્રીકૃષ્ણનાં લગ્ન ઉજવાય છે. ભાદર, ઓઝત અને મધુવંતી નદીઓ અહીં સમુદ્રને મળે છે. આખા ઘેડવિસ્તારને એ હરિયાળો અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ ને સ્વચ્છ છે. તેથી ઘણા પ્રવાસીઓ તેને પસંદ કરે છે. લોકો અહીંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈને મુગ્ધ થઈ જાય છે.

(3) 'દ્વારકા' વિશે ચાર-પાંચ વાક્ય લખો.

➢ દ્વારકા જામનગર જિલ્લાના ઓખા તાલુકાનું મુખ્ય મથક છે. તે સમુદ્રમાર્ગે ભારતમાં પ્રવેશવાનું દ્વાર 'ગેટવે ઑફ ઇન્ડિયા !' હતું. આદિશંકરાચાર્યે ભારતમાં સ્થાપેલા ચાર મઠોમાં દ્વારકાનો શારદાપીઠ પણ એક છે. અહીં દ્વારકાધીશ મંદિર અને રુક્મિણીના મંદિર ઉપરાંત ઘણાં મંદિરો છે.

(4) દાંડી શા માટે પ્રખ્યાત છે?

- અંગ્રેજોએ મીઠા પર વેરો નાખ્યો ત્યારે ગાંધીજીએ દાંડીયાત્રા દ્વારા એનો વિરોધ કર્યો હતો. તેથી દાંડી ગાંધીજીની દાંડીયાત્રા માટે પ્રખ્યાત છે.

(5) આ પાઠમાં ગુજરાતના દરિયાકાંઠનાં ક્યાં ક્યાં સ્થળોનો ઉલ્લેખ થયો છે?

- આ પાઠમાં ગુજરાતના દરિયાકાંઠાના આ સ્થળોનો ઉલ્લેખ થયો છે : માંડવી, માધવપુર, તીથલ, સોમનાથ, દ્વારકા, ભવનાથ, ચોરવાડ, પોરબંદર, ધોલેરા-લોથલ, મણાર-અલંગ, દીવ-દાંડી તથા જામનગર.

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :

[નોંધ: નીચે આપેલા ઉત્તરો પ્રમાણે દરેક વિધાર્થીએ પોતપોતાના જિલ્લાને ધ્યાનમાં રાખીને ઉત્તર તૈયાર કરવા.)

(1) તમારા જિલ્લામાંથી કઈ કઈ નદીઓ પસાર થાય છે ?

- મારા જિલ્લાનું નામ વડોદરા છે. આ જિલ્લામાંથી મહી નદી, વિશ્વામિત્રી, ઢાઢર, ઓરસંગ, ઉછા, અશ્વિન અને મેણ નદીઓ પસાર થાય છે.

(2) આ નદીઓના કિનારે ક્યાં કયાં જોવાલાયક સ્થળો આવેલાં છે ?

- નદીકિનારે જોવાલાયક સ્થળો :
- વિશ્વામિત્રી નદી – વડોદરા.
- ઓરસંગ અને ઉછા નદીઓના સંગમ સ્થળે - સંખેડા. ઓરસંગ નદીના કાંઠે મળી આવેલા પાષાણયુગના અવશેષો. નર્મદાકાંઠે સિનોર સૌંદર્યધામ, દરિયાપુરા, કેદારેશ્વર, કૃણેશ્વર મંદિરી.

(3) આ સ્થળો પૈકી કોઈ પણ બે સ્થળોની વિશેષતા લખો.

- વડોદરા શહેર સુંદર મહેલો, બગીચા, શિક્ષણ સંસ્થાઓ તેમજ ઉધોગો માટે જાણીતું છે. લક્ષ્મીવિલાસ મહેલ, નજરબાગ મહેલ, જ્યુબિલી બાગ, ગાંધી નગરગૃહ, લાલબાગની સુંદર છત્રી, સેન્ટ્રલ જેલ, નવલખી વાવ, ભદ્ર ઝરૂખો, દીપક ઓપનએર થિયેટર, સુરસાગર સરોવર, ભાઉ જામ્બેકરનો બંગલો વગેરે જોવા જેવો છે. 'દરિયાપુરા' નર્મદાકાંઠે આવેલું છે. તે ‘બદ્રીનારાયણ’ મંદિર માટે જાણીતું છે. આ મંદિરના શ્રીધરાનંદ આશ્રમમાં સદાવ્રત ચાલે છે. તે બદ્રિકાશ્રમના નામથી જાણીતો છે.

(4) આ સ્થળો તમારી શાળાથી કેટલા અંતરે આવેલાં છે?

➢ મારી શાળા વડોદરા શહેરમાં છે. વડોદરા શહેરનાં ઉપર દર્શાવેલાં સ્થળો મારી શાળાથી પંદરેક કિલોમીટરના વિસ્તારમાં આવેલાં છે. દરિયાપુરા, મારી શાળાથી દૂર, નર્મદા નદીને કાંઠે આવેલું છે.

(5) ગુજરાતીઓ ‘દરિયાખેડુ” શા માટે કોવાય છે?

➢ ગુજરાતી ક્રિયાને મૈ !ાને દૂર વેપાર માટે નય છે. તૈમ સાસિક છે, તેથી ‘દરિયાખેડુ' કહેવાય છે.

પ્રશ્ન3 . શિક્ષકની મદદથી નીચેના ફકરાનું શ્રુતલેખન કરો :

"માધવપુર સૌરાષ્ટ્રના .................. મુગ્ધ થઈ જવાય છે."

➢ માધવપુર સૌરાષ્ટ્રના સાગરકઠાનું વૃંદાવન છે. અહીં સદીએ-સદીએ મહાન સંતો આવ્યા છે. અ[ સદીઓ જૂનાં ઝાડ છે : અબિલી, રાયણ, નારિયેળી બેશુમાર છે. પપૈયા છે. અCIના પોપટ પણ પપૈયા જેવા તાજામાજા છે, અ[ રુકિમણી શ્રીકૃષ્ણનાં લગ્ન દર વર્ષે ઉજવાય છે. ભવનાથ અને તરબૈતરની જેમ અહીંનો મેળો જાક્ષીતો છે. અહીં ભાદર, ઓઝત અને મધર્વતી નદીઓ સમુદ્રને મળે છે. તે આખા પેડવિસ્તારને હરિયાળી અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ અને ઊજળો છે. ઘણા પ્રવાસીઓ ચોરવાડ કરતાં માધવપુરના દરિયાકિનારાને વધુ પસંદ કરે છે. ત્યાંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈ મુગ્ધ થઈ જવાય છે."

પ્રશ્ન 4. નીચેનાં વાક્યોમાંથી નામપદ અને ક્રિયાપદ શોધીને અલગ

(1) મહારાજ ઝાડ પરના માંચડે બેઠા હતા.

(2) પહેલવાન હસી પડ્યો.

(3) લાકડાંમાંથી રમકડાં અને કાંસકી પણ બને છે.

(4) કનુ શરમાઈ ગયો,

(5) મેં વાડીમાં રીંગણી વાવી છે.

| **નામપદ** | **ક્રિયાપદ** |
|---|---|
| (1) મહારાજ, ઝાડ, માંચડે | બેઠો હતા |

| | |
|---|---|
| (2) પહેલવાન | હસી પડ્યો |
| (3) લાકડાં, રમકડાં, કાંસકી | બને છે |
| (4) કનું | શરમાઈ ગયો |
| (5) વાડી, રીંગણી | વાવી છે |

પ્રશ્ન 5. પાઠમાં આવતા 'સ'થી શરૂ થતા પાંચ શબ્દોની યાદી તૈયાર કરી શબદોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

સમિતિ, સુભાષિત, સિંધુ, સ્થળ, સાગરકાંઠો

**શબ્દકોશના ક્રમમાં** – સમિતિ, સાગરકાંઠો, સિંધુ, સુભાષિત, સ્થળ

પ્રશ્ન 6. તમે તમારાં માતાપિતા, ભાઈબહેન, મામાની સાથે કાંધ ગઇ છે હશો. તેને આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર લખો ?

(નોંધઃ દરેક વિધાથીએ કરેલા પ્રવાસને ધ્યાનમાં લઈને ઉત્તર લખવા.)

(1) તમે પ્રવાસમાં કોણ કોણ ગયાં હતાં?

- પ્રવાસમાં મારાં માતાપિતા, મામા-મામી તથા અમે સૌ ભાઈબહેન ગો' (i) તમે પ્રવાસમાં કોણ કોણ ગયાં હતાં?

(2) તમે પ્રવાસે કઈ ઋતુમાં ગયાં હતાં?

- અમે શિયાળાની ઋતુમાં પ્રવાસે ગયાં હતાં.

(3) તમે પ્રવાસે જવા માટે ઘરથી કેટલા વાગ્યે નીકળ્યાં હતાં?

- પ્રવાસે જવા અમે પાંચમી ઑક્ટોબરે સવારે પાંચ વાગ્યે ઘેરથી નીકળ્યાં !

(4) જતાં પહેલાં તમે શી તૈયારી કરી હતી?

- જતાં પહેલાં અમે ટ્રેઇનનું રિઝર્વેશન કરાવી લીધું હતું.

(5) સામાનમાં સાથે શું શું લઈ ગયાં હતાં?

- સામાનમાં જરૂરી કપડાં, દવા તેમજ ઇન્ડોર ગેમનાં સાધનો લઈ ગયો કે

(6) વચ્ચે ક્યાં ક્યાં સ્થળો આવ્યાં હતાં?

➢ વચ્ચે રતલામ, કોટા, સવાઈ માધોપુર, મથુરા વગેરે સ્થળો આવ્યાં હતાં

(7) મુસાફરીમાં કેટલો સમય લાગ્યો હતો?

➢ મુસાફરીમાં જવા-આવવામાં આશરે ત્રણ દિવસ લાગ્યા હતા.

(8) તમે પીવાના પાણી અને જમવાની શી વ્યવસ્થા કરી હતી?

➢ અમે પીવાના પાણી માટે સાથે મોટો જગ અને જમવા માટે ટિફિન ભરીને ખાવાનું તથા જાતજાતના નાસ્તા લીધા હતા. ગ્લાસ અને પેપર ડિશો પણ સાથે રાખ્યાં હતાં.

(9) વિસામો અને રાત્રિરોકાણ કયાં સ્થળોએ કર્યું હતું?

➢ વિસામો અને રાત્રિરોકાણ દિલ્લી અને આગ્રામાં કર્યું હતું.

(10) તમે ત્યાં શું શું જોયું?

➢ અમે ત્યાં અક્ષરધામ મંદિર, રાજઘાટ, રાષ્ટ્રપતિભવન, લાલ કિલ્લો દીવાન-એ-ખાસ, દીવાન-એ-આમ, ફતેહપુર સિકી, તાજમહાલ વગેરે જોવાલાયક સ્થળો જોયાં.

(11) તમને આ પ્રવાસ કેવો લાગ્યો?

➢ ઉત્તર અમને આ પ્રવાસમાં ખૂબ મજા આવી. અમારી પ્રવાસ સુખદ અને યાદગાર રહ્યો. મેળવીને વાંચો.